# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-06-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day: SUNDAY** **National News**

નમસ્કાર,આકાશવાણી,

OPENING SIGNATURE TUNE

સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

**મુખ્ય સમાચાર / (મ્યુઝિક અંડરપ્લે)**

1. **અમેરિકાના હુમલા બાદ ઇરાને ઇઝરાયેલ પર 40 મિસાઇલથી વળતો જવાબ આપ્યો.**
2. **ઇરાન ઉપર થયેલા હુમલાને સંયુક્ત રાષ્ટ્રસંઘના મહાસચિવે વૈશ્વિક શાંતિ માટે જોખમી ગણાવ્યો**
3. **NIAએ પહેલગામ હુમલાના આતંકવાદીઓને શરણ આપનારા બે લોકોની ધરપકડ કરી**
4. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી છત્તીસગઢના બે દિવસના પ્રવાસે**
5. **ભારતનાં માયા રાજેશ્વરને જર્મનીમાં I.F.T. જે-200 ગ્લેડબેક ટેનિસ ટૂર્નામેન્ટમાં મહિલા સિંગલ્સનો ખિતાબ જીત્યો.**

---

સમાચારને અંતે

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

## IRAN RESPONSE

ત્રણ પરમાણુ મથકો પર અમેરિકાના હવાઈ હુમલાના જવાબમાં ઈરાને આજે વહેલી સવારે ઇઝરાયેલ પર 30થી વધુ બેલિસ્ટિક મિસાઈલોથી હુમલો કર્યો હતો. ઇઝરાયેલી સંરક્ષણ દળો (IDF)એ, હૈફા સહિત મધ્ય ઇઝરાયેલના ઘણા વિસ્તારોમાં હુમલો થયો હોવાની પુષ્ટી કરી હતી.

આ મિસાઈલો મધ્ય ઇઝરાયલમાં અનેક સ્થળોએ ત્રાટકી હતી. નોંધપાત્ર બાબત તોએ છે કે, એક મિસાઇલ દ્વારા  કોઈ પણ પૂર્વ ચેતવણી વિના હાઇફા પર હુમલો થયો હતો,  આ હુમલાને કારણે 16 લોકો ઇજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે.

પ્રસ્તુત એક વિશેષ અહેવાલ..

(વોઇસ કાસ્ટ- જાગૃતિ શર્મા)

. . . . . . . . . . . . . . . .

## IRAN FOREIGN MINISTER

ઈરાનના વિદેશ મંત્રી સઈદ અબ્બાસ અરાઘચીએ અમેરિકા દ્વારા ઈરાનના ત્રણ પરમાણુ ઠેકાણા પર સૈન્ય હુમલાઓની ટીકા કરી છે. શ્રી અરાઘચીએ અમેરિકા પર સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર, આંતરરાષ્ટ્રીય કાયદા અને

પરમાણુ અપ્રસાર સંધિનું ઉલ્લંઘન કરવાનો આક્ષેપ પણ લગાવ્યો. તેમણે આ હુમલાઓને પરિણામ લાંબા સમય સુધી રહેશે તેવી ચેતવણી પણ આપી.

આ અગાઉ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયેલ સાથે સંયુક્ત અભિયાનમાં ફૉર્ડો, નતાંજ અને ઈસ્ફાહાન પરમાણુ સ્થળ પર હુમલો કર્યો હોવાની જાહેરાત કરી હતી.

. . . . . . . . . . . . . . . .

## IRAN IERO

ઈરાનના પરમાણુ ઉર્જા સંગઠને તેના પરમાણુ સ્થળો પરના હુમલાઓને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન ગણાવ્યા. તેહરાનની સંસ્થાએ જણાવ્યું, રેડિયેશન સિસ્ટમ ડેટા અને ફિલ્ડ સર્વેક્ષણ ફોર્ડો, ઇસ્ફહાન અને નાતાન્ઝ સ્થળોની નજીકના રહેવાસીઓ માટે જોખમરૂપ નથી.

સંગઠને એક નિવેદનમાં જણાવ્યું, વૈજ્ઞાનિકો અને નિષ્ણાતો દેશના પરમાણુ ઉદ્યોગને આગળ ધપાવતા રહેશે. તેણે કહ્યું, આ હુમલા સામે કાયદાકીય કાર્યવાહી શરૂ કરાશે.

. . . . . . . . . . . . . . . .

## GUTERRES-NETANYAHU-US-STRIKES

અમેરિકાના ઇરાન પરના હુમલાને સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે જોખમી ગણાવ્યો. તેમણે ચેતવણી આપી કે, પશ્ચિમ એશિયામાં સંઘર્ષ ટૂંક સમયમાં બેકાબૂ થઈ શકે છે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી ગુટેરેસે તેને આંતર-રાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા માટે જોખમી ગણાવ્યો. તેમણે સભ્ય દેશોને તણાવ ઘટાડવા અને સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર અને આંતરરાષ્ટ્રીય કાયદાના નિયમ હેઠળ જવાબદારી નિભાવવા અને આ સંઘર્ષના રાજદ્વારી ઉકેલની વિનંતિ કરી.

ઇરાન પરના અમેરિકી હુમલા બાદ ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ ઈરાનના પરમાણુ સ્થળ પર હુમલો કરવા બદલ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને અભિનંદન આપ્યા છે. તેમણે ટ્રમ્પના નિર્ણયની પ્રશંસા કરતો એક વીડિયો સંદેશ જાહેર કરીને કહ્યું કે, આ હુમલો ઇતિહાસ બદલી નાખશે. શ્રી નેતન્યાહૂએ કહ્યું, ઓપરેશન રાઇઝિંગ લાયન હેઠળ ઇઝરાયલે ઉત્તમ કાર્ય કર્યું છે.

. . . . . . . . . . . . . . .

# NIA ARREST

પહલગામ આતંકવાદી હુમલાના કેસમાં રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ હુમલાને અંજામ આપનારા આતંકવાદીઓને કથિત રીતે આશ્રય આપવા બદલ બે લોકોની ધરપકડ કરી છે. NIAએ એક નિવેદનમાં જણાવ્યું કે, બટકોટના પરવેઝ અહમદ જોથર અને પહલગામના હિલ

પાર્કના બશીર અહમદ જોથરે હુમલામાં સામેલ ત્રણ સશસ્ત્ર આતંકવાદીઓની ઓળખ જાહેર કરી છે.

એજન્સીએ જણાવ્યું કે, આરોપીઓએ એ વાતની પણ પુષ્ટિ કરી છે કે તેઓ પ્રતિબંધિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા પાકિસ્તાની નાગરિકો હતા. NIAના જણાવ્યા અનુસાર, પરવેઝ અને બશીરે હુમલા પહેલા જાણી જોઈને ત્રણ સશસ્ત્ર આતંકવાદીઓને હિલ પાર્કમાં એક ઝૂંપડીમાં આશ્રય આપ્યો હતો. તેમાં કહેવામાં આવ્યું કે, ધરપકડ કરાયેલા લોકોએ આતંકવાદીઓને ખોરાક, આશ્રય અને લોજિસ્ટિકલ સહાય પૂરી પાડી હતી. NIAએ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ હેઠળ બંનેની ધરપકડ કરી છે.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# SHAH - CHHATTISGARH VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી છત્તીસગઢના બે દિવસના પ્રવાસે જશે. આ દરમિયાન, તેઓ રાયપુરમાં રાષ્ટ્રીય ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના પરિસરનો શિલાન્યાસ કરશે.

આ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ચાલીસ એકર વિસ્તારમાં લગભગ ચારસો કરોડ રૂપિયાના ખર્ચે બનશે. શ્રી શાહ આજે નવા રાયપુરમાં છત્તીસગઢ અને પડોશી રાજ્યોના પોલીસ મહાનિર્દેશક અને અધિક પોલીસ મહાનિર્દેશક સાથે સુરક્ષા સંબંધિત મુદ્દાઓ પર બેઠક યોજશે.

બીજી બેઠકમાં, કેન્દ્રીય ગૃહમંત્રી ડાબેરી ઉગ્રવાદ પર સલામતીની પણ સમીક્ષા કરશે. આવતીકાલે છત્તીસગઢ મુલાકાતના બીજા દિવસે, કેન્દ્રીય ગૃહમંત્રી બસ્તર વિભાગના નારાયણપુર જિલ્લાના અબુજમદ વિસ્તારની મુલાકાત લેશે અને ત્યાંના ગ્રામજનો સાથે વાતચીત કરશે.

આ ઉપરાંત, કેન્દ્રીય ગૃહમંત્રી નારાયણપુર જિલ્લાના ઇર્કભટ્ટી વિસ્તારમાં સ્થિત બોર્ડર સિક્યુરિટી ફોર્સ કેમ્પની પણ મુલાકાત લેશે અને જવાનો સાથે સંવાદ સાધશે.

. . . . . . . . . . . . . . . .

# TENNIS ITF J200

ભારતનાં માયા રાજેશ્વરને જર્મનીમાં I.F.T. જે-200 ગ્લેડબેક ટેનિસ ટૂર્નામેન્ટમાં મહિલા સિંગલ્સનો ખિતાબ જીત્યો. 16 વર્ષનાં માયાએ ફાઈનલમાં સ્વિત્ઝર્લેન્ડનાં નૉલિયા માન્તાને 6–2, 6–4થી પરાજય આપ્યો. યુરોપમાં માયાનો આ પહેલો અને કુલ સાતમો I.T.F. જૂનિયર ખિતાબ છે.

આ પહેલા સેમિ-ફાઈનલમાં તેમણે ફ્રાન્સનાં ડેફની પેત્સી પેરિકાર્ડને 6–2, 6–1થી હરાવ્યાં હતાં.

. . . . . . . . . . . . . . . .

# INDIA ENGLAND - TEST CRICKET

એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની પ્રથમ ટેસ્ટ મેચમાં, યજમાન ઈંગ્લેન્ડ લીડ્સના હેડીંગ્લે ખાતે બીજા દિવસે ભારતના 471 રનના જવાબમાં ત્રણ વિકેટે 209 રન કર્યા હતા. બીજા દિવસની રમતના અંતે ઓલી પોપ 100 રને જ્યારે હેરી બ્રુક શૂન્ય રને અણનમ છે. ભારત વતી જસપ્રીત બુમરાહે ઈંગ્લેન્ડની ત્રણેય વિકેટ ઝડપી હતી.

આ પહેલા, ભારતે ત્રણ વિકેટે 359 રનના અગાઉના સ્કોર સાથે પોતાનો પહેલો દાવ ફરી શરૂ કર્યો. પરંતુ ત્યારબાદ ઉપરાછાપરી વિકેટો પડી જતાં ભારત 471 રનમાં ઓલઆઉટ થઇ ગયું હતું. ભારત

તરફથી ઓપનર યશસ્વી જયસ્વાલ, કેપ્ટન શુભમન ગિલ અને તેમના ઉપ-કપ્તાન રિષભ પંતે સદી બનાવી હતી.

. . . . . . . . . . . . . . . .

## CRICKET T20 WORLD CUP

કેનેડાએ ICC પુરુષ ટી-20 વિશ્વકપ 2026 માટે ક્વાલિફાય કર્યું છે. વિશ્વ કપની યજમાની ભારત અને શ્રીલંકા કરશે. બહામાસ પર ભવ્ય જીત બાદ કેનેડાએ પોતાનું સ્થાન સુનિશ્ચિત કર્યું છે. આ ટૂર્નામેન્ટમાં સતત તેમની પાંચમી જીત હતી.

આ સાથે જ કૅનેડા 20 ટીમની ટૂર્નામેન્ટ માટે ક્વાલિફાય થઈ ગઈ ગયેલી 13 ટીમમાં સામેલ થઈ ગયું છે. તેમાં ભારત અને શ્રીલંકા સાથે સાથે અફઘાનિસ્તાન, ઑસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, ઈંગ્લૅન્ડ, દક્ષિણ આફ્રિકા, અમેરિકા, વેસ્ટઈન્ડીઝ, આયર્લૅન્ડ, ન્યૂ ઝિલેન્ડ અને પાકિસ્તાન સામેલ છે. અંતિમ સાત સ્થાન 2025ના અંતમાં ક્ષેત્રીય ક્વાલિફાયર માટે ભરાશે. આમાં યુરોપ અને આફ્રિકાથી 2-2 ટીમ અને સંયુક્ત એશિયા-પૂર્વ એશિયા પ્રશાંત ક્ષેત્રથી ત્રણ ટીમ હશે.

. . . . . . . . . . . . . . . .

## WEATHER

હવામાન વિભાગે મધ્યપ્રદેશ, કોંકણ, ગોઆ, મધ્ય મહારાષ્ટ્ર, ગુજરાત,

પૂર્વ રાજસ્થાન, દક્ષિણ હરિયાણા, પંજાબ, ઉત્તરપ્રદેશ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ઉપ-હિમાલયન્ પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં આજે ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે ઝારખંડ, *ગંગા પશ્ચિમ બંગાળ,* દિલ્હી, કેરળ અને દરિયાકાંઠાના કર્ણાટકમાં આજે ભારે વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગે માછીમારોને ગુજરાતના દરિકાયાંઠા, સમગ્ર કોંકણ કાંઠા, સોમાલિયા કાંઠા અને આસપાસના દરિયાઈ ક્ષેત્ર, ઓમાન અને આસપાસના યમન કાંઠા તેમજ આસપાસના દરિયાઈ ક્ષેત્રો, મધ્ય અને આસપાસના ઉત્તર, દક્ષિણ અરબ સાગર, ઉત્તર-પૂર્વ અરબ સાગરના કેટલાક ભાગમાં ન જવાની સલાહ આપી છે.

દરમિયાન માછીમારોને ઉત્તર આંધ્રપ્રદેશ દરિયાકાંઠા, મધ્ય, દક્ષિણ-પશ્ચિમ અને દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડીના ઉત્તરના ભાગ તેમજ આંદામાન સાગરના કેટલાક ભાગમાં ન જવાની પણ સલાહ અપાઈ છે.

. . . . . . . . . . . . . . . .

# SHETH VISIT

સંરક્ષણ રાજ્યમંત્રી સંજય શેઠ આવતીકાલથી 26 તારીખ સુધી કેન્યા અને મેડાગાસ્કરના પ્રવાસે જશે. પ્રવાસના પ્રથમ તબક્કામાં શ્રી શેઠ આવતીકાલે તાઈતા-તવેતા કાઉન્ટીમાં સ્મારક સ્તંભના સંયુક્ત અનાવરણ

માટે કેન્યા જશે. બીજા તબક્કામાં રાજ્યમંત્રી 26 જૂને એન્ટાનાનારિવોમાં મેડાગાસ્કરની સ્વતંત્રતા 65-મી વર્ષગાંઠ અને માલાગાસી સશસ્ત્ર દળોના ગઠન સમારોહ માટે મેડાગાસ્કરના પ્રવાસે રહેશે.

. . . . . . . . . . . . . . .

# SL FM-INDIA

શ્રીલંકાના વિદેશ મંત્રી વિજિતા હેરાથે, ભારતીય નાગરિકો સાથે શ્રીલંકાના નાગરિકોને પણ ઈરાનમાંથી બહાર કાઢવામાં સમયસર મદદ કરવા બદલ ભારત સરકારનો આભાર માન્યો. શ્રી હેરાથે કહ્યું, આ પગલું શ્રીલંકા અને ભારત વચ્ચેના ઊંડા સંબંધ અને સ્થાયી ભાગીદારીને પ્રતિબિંબિત કરે છે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રીલંકાના વિદેશ મંત્રાલયે પણ કૃતજ્ઞતા વ્યક્ત કરતા નોંધ્યું, આ પગલું બંને દેશ વચ્ચેના મજબૂત સંબંધ દર્શાવે છે.

તાજેતરમાં શ્રીલંકા અને નેપાળ સરકારની વિનંતીઓ બાદ ઑપરેશન સિંધુ હેઠળ બંને દેશના નાગરિકોનો સમાવેશ કરાયો છે. તેહરાનમાં ભારતીય દૂતાવાસ હવે આ પડોશી દેશના નાગરિકો માટે સ્થળાંતર સહાયનું સંકલન કરશે. આ પગલું કટોકટીના સમયે પ્રાદેશિક સહકાર અને માનવતાવાદી સહાય માટે ભારતની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

. . . . . . . . . . . . . . .